**વડીલોને વંદન**
**અભિનંદન**
આજે જન્મદિવસ



ચંદ્રસિંહ કનુભા વાઘેલા
(૧૯૩૫) ફોન : ૨૩૨ ૨૭૮૧૯

# જાપાન અને ગુજરાત વચ્ચે નવા અધ્યાયનો પ્રારંભ થયો છે : નરેન્દ્ર મોદી

## જાપાનનો અભૂતપૂર્વ સફળ પ્રવાસ પૂર્ણ કરી મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત ડેલીગેશન અમદાવાદ આવવા રવાના

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત બિઝનેસ ડેલીગેશન જાપાનનો ચાર દિવસનો અપૂર્વ સફળ પ્રવાસ પૂરો કરી શુક્રવારે બપોર બાદ અમદાવાદ પરત આવવા કોબેથી રવાના થયું હતું.

જાપાન અને ગુજરાત વચ્ચે વિશ્વાસની નવી ચાઈઓને પ્રસ્થાપિત કરતા મુખ્યમંત્રીશ્રીના આ પ્રવાસથી બંને વચ્ચે પારસ્પરિક સહભાગીતાના નવા ઐતિહાસિક અધ્યાયનો પ્રારંભ થઈ ગયો છે એમ મુખ્યમંત્રીશ્રીએ કોબેના ગવર્નર અને મેયરશ્રી આયોજિત ભવ્ય વિદાયમાન સમારંભમાં જાપાન સરકાર અને જનતાની સ્નેહવર્ષા અને અભૂતપૂર્વ ઉષ્માસભર સત્કારના પ્રતિભાવરૂપે આભારની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું.

ચાર દિવસના આ જાપાન પ્રવાસમાં પાંચ રાજ્યો-ટોકીયો, હામામાત્સુ, એઈચી-નાગોયા, ઓસાકા અને કોબે-હાયોગોમા મુખ્યમંત્રીશ્રીએ કુલ મળીને ૬૫ જેટલા કાર્યક્રમો-બેઠકો, સેમિનાર-રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ, અભિવાદન સમારોહમાં સંબોધન કર્યા હતા. ચાર દિવસમાં તેમણે ૨૦૦૦થી વધારે જાપાની પદાધિકારીઓ, કંપની-સંચાલકો, ઉદ્યોગકારો, ફાઈનાન્સ બેંકીંગ કંપનીઓના મહાનુભાવોને રૂબરૂ મળીને ગુજરાતમાં જાપાન માટે વિકાસની ભાગીદારીની અસીમ સંભાવનાઓની ભૂમિકા આપી હતી. જાપાન સરકારના સાત વરિષ્ઠ મંત્રીશ્રીઓ સાથે તેમણે ફળદાયી બેઠકો યોજી હતી.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાપાન પ્રવાસથી પરત આવતાં પૂર્વે આજે સવારે કોબે પોર્ટની નિરીક્ષણ મૂલાકાત લીધી હતી. ગુજરાતના બિઝનેસ ડેલિગેશન સાથે કોબે પોર્ટના ઈન્ટરનેશનલ પોર્ટ સિટીમાં ગુરૂવારનું રાત્રી રોકાણ કરીને શુક્રવારે સવારે એક કલાક સુધી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મરીન-બોટમાં કોબે પોર્ટની સ્થાપનાથી પ્રગતિયાત્રાના પ્રારંભથી અત્યાર સુધીના પોર્ટ ડેવલપમેન્ટ અને વિદેશ વ્યાપારની કાર્ગો ટ્રાફિકની ગતિવિધિઓની માહિતી મેળવી હતી.

૧૯૯૫ના વિનાશક ધરતી કંપથી તારાજ થયેલું કોબે પોર્ટ માત્ર બે જ વર્ષમાં નવનિર્મિત કરવાની અપૂર્વ સફળતા જાપાનના પુરૂષાર્થની શકિતની પ્રતીતિ કરાવે છે.

ગુજરાતમાં ધોલેરા લ્ત્પના ઈન્ટરનેશનલ પોર્ટ સિટીનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ આકાર લઈ રહ્યો છે અને શાંઘાઈ કરતા પણ મોટું ધોલેરા પોર્ટ સિટી લ્ત્પપ્રોજેકટ તરીકે સર્જન કરવાનો મુખ્યમંત્રીશ્રીનો નિર્ધાર છે. કોબેનું એરપોર્ટ પણ મરીન એર તરીકે જાહેર થયેલું છે.

કોબેના બંદરીય વિકાસની પ્રાચિન મહિમાવંત યાત્રા ઈ.સ.૮૧૨ થી શરૂ થઈ હતી જે 'મૂકો-નો-મિનાયે' નામે ખ્યાતનામ બંદર હતું. ગુજરાતનું ધોલેરા બંદર પણ પ્રાચિન સમયમાં વિશ્વવેપારથી ધમધમતું હતું જે કાળક્રમે બંધ પડેલું છે અને હવે મુખ્યમંત્રીશ્રીએ ધોલેરા લ્ત્પ સાથે ધોલેરા ઈન્ટરનેશનલ લેવલનું પોર્ટસિટી બને અને અમદાવાદ સુધી મરીન ટ્રેડ એકટીવિટીનું નેટવર્ક વિસ્તારીને જાપાન અને ભારતના દિલ્હી-મુંબઈ-ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરને સંલગ્ન ઝ્પ્ત્ઘ્-પ્રોજેકટને ધોલેરા લ્ત્પ સાથે જોડીને અમદાવાદ-ધોલેરા-ભાવનગર-કલ્પસરનો આખો કોસ્ટલ કોરિડોર વિકસાવવાનું ભગીરથ સપનું શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કરવાનું બીડું ઝડપ્યું છે, જેમાં ધોલેરા બંદરની પ્રાચિન જાહોજલાલીનું વિઝન સાકાર થવાનું છે. ગુજરાતના સમુદ્રકાંઠાને ભારતના વિશ્વવેપારનું અને એશિયા-યુરોપ વચ્ચે વિશ્વ વાણીજ્યનું કેન્દ્ર બિન્દુ પણ બનાવવાનું છે.



સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા ખાતે આવેલ શ્રીકૃષ્ણ મંદિરમાં શ્રાવણ સુદ-૧ થી અત્યંત કલાત્મક હિંડોળા દર્શનનો પ્રારંભ થઈ ચૂકયો છે જેનો લાભ સેંકડો ભકતો લઈ રહ્યા છે. શ્રાવણ વદ-૨ સુધી ચાલનારા આ કલાત્મક હિંડોળા મહોત્સવમાં આગામી દિવસોમાં સુકા મેવાના, સાવનભાદોના, ગિરિરાજ દર્શન, નૌકાવિહાર તથા સોના ચાંદીના હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત શાસ્ત્રીજી હરિપ્રસાદજી શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

## ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર વાયરમેનની પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૭

લાયસન્સીંગ બોર્ડ, ગાંધીનગર દ્વારા મે-૨૦૧૨માં લેવાયેલ ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર-વાયરમેનની પરીક્ષાનું પરિણામ તા.૧૯-૭-૨૦૧૨ના રોજ જાહેર કરવામાં આવ્યું છે.

આ પરિણામ સચિવશ્રી, લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૭ના ૭મા માળે તેમજ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીની વેબસાઈટ **www.ceiced. gujarat. gov.in** પર પણ જોઈ શકાશે. વધુમાં આ કચેરી દ્વારા લેવામાં આવતી સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષાના તથા પરીક્ષામાંથી મુક્તિ અંગેના અરજી ફોર્મ પણ ઉપરોક્ત વેબસાઈટ પરથી મેળવી શકાશે તેમ સચિવશ્રી, લાયસન્સીંગ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત પછાતવર્ગ વિકાસ મંચ દ્વારા સમાજ શિક્ષણ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત પછાત વર્ગ વિકાસ મંચ તથા નાયબ જિલ્લા નિયામકશ્રી (વિકસતી જાતિ)ના સંયુક્ત ઉપક્રમે સમાજ શિક્ષણ શિબિર યોજવામાં આવેલ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું કલ્યાણના મંત્રી વાસણભાઈ આહીરના પ્રમુખ સ્થાને યોજાશે. જયસિંહ ચૌહાણ રાજયકક્ષાના શિક્ષણમંત્રી ઉદ્‌ઘાટન કરશે.

જયંતિભાઈ બારોટ, શંભુજી ઠાકોર, ગુજરાત ઠાકોરને કોળી વિકાસ નિગમના ચેરમેન પુજાજી ઠાકોર, ગોપાલક વિકાસ નિગમના ચેરમેન ડૉ. સંજયભાઈ દેસાઈ, ગુજરાત માર્ગ અને વાહન વ્યવહાર નિગમના ડિરેટર ભગવાનદાસ પંચાલ, નિયામક કે.જી. વણઝારા હાજર રહેશે. ગુજરાત પછાત વર્ગ વિકાસ મંચના પ્રમુખ જી.કે. પ્રજાપતિએ જણાવેલ છે.

# દુષ્કાળની સ્થિતિ સર્જાય તે પહેલાં રાહત આપવા કિસાનસંઘની માંગ

ગાંધીનગર, તા.૨૭

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ પ્રમુખ મગનભાઈ પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે પૂરા દેશભરમાં વરસાદ ખેંચાતા દુષ્કાળની સ્થિતિ નિર્માણ થઈ છે. આ સ્થિતિમાં સૌથી વધારે ભોગ ખેડૂતો બનવાના છે. એકબાજુ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે ખેતી કરવા માટે જરૂરી ઈનપુટ જેવા કે રસાયણીક ખાતર, દવા, બિયારણ, ડિઝલ તમામ યાંત્રિક સાધનો વગેરેમાં ભાવવધારો થયો છે. તેની સામે ખેત પેદાશોની પડતર કિંમત કરતાં ઓછા ભાવે વેચવાનો વારો ખેડૂતને આવે છે. ખેડૂત દેવાદાર બનતો જાય છે. બીજી બાજુ કુદરતી આફતનો ભોગ બને છે.

ચાલુ વર્ષે નહિવત વરસાદના કારણે ખેડૂતોની ગંભીર સમસ્યા થઈ છે. તો તાત્કાલિક અસરથી નીચે મુજબની માંગણીઓ પ્રત્યે ઘટતું કરી ખેડૂતોને રાહત આપવા જણાવેલ છે.

જે ખેડૂતોએ વાવેતર કરી દીધેલ છે. વરસાદન આવવાથી પાક સુકાઈ ગયેલ છે. તેને કૃષિ વીમાનો લાભ આપવા વિનંતી છે. સિંચાઈની વ્યવસ્થા માટે તમામ કેનાલો દ્વારા પાણી આપવું. પેન્ડીંગ વીજ કનેકશનો તાત્કાલિક આપવા ડાર્કઝોનમાં વીજળીકરણ તાત્કાલિક કરવું. ખેડૂતોના પશુઓ માટે ઘાસચારાની સગવડ કરવી. રાસાયણિક ખાતરોનું વાવેતર કરી દીધેલ છે તેમને સહાય કરવી વ્યાજ માફ કરવું. ડ્રીપ ઈરીગેશનની સબસીડીમાં વધારો કરવો. આમ માંગણીઓ કરેલ છે.

## ગાંધીનગરનું સે-૩/એ/ન્યુ હવે સે-૩/ન્યુ તરીકે ઓળખાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સેક્ટર-૩-એ-ન્યુ વસાહત મંડળ દ્વારા સરકારમાં રજૂઆત કરતાં માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક : મીસે/૧૦-૨૦૧૨/૬૬૪/સી-૧ મુજબ તા. ૨૬ જુલાઈ-૨૦૧૨ની સેક્ટર-૩-એ-ન્યુ નામ બદલીને સેક્ટર-૩-ન્યુ રાખવામાં આવ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૩-એ અને સેક્ટર-૩-એ-ન્યુ નજીક હોવાથી ટપાલો વહેંચવામાં તેમજ બહાર ગામથી આવતા મહેમાનોને અનેક તકલીફ પડતી હતી. તેમ સેક્ટર-૩-એ-ન્યુ વસાહત મંડળના પ્રમુખ જોષી અને મહામંત્રી પટેલે જણાવ્યું હતું. જેના ઉકેલ સ્વરૂપે ગાંધીનગરના સેક્ટર-૩-એ-ન્યુને હવે સેક્ટર-૩-ન્યુ તરીકે નામકરણ બદલવામાં આવ્યું છે.

## જી.આઈ.ડી.સી. વસાહતમાં શિવ પરિવારનો પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૭

જી.આઈ.ડી.સી. વસાહત સેકટર-૨૬ ગાંધીનગર દ્વારા શિવ પરિવાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને મહારૂદ્ર યજ્ઞ તા. ૨૯ અને ૩૦મી જુલાઈના રોજ યોજાયેલ છે. તા. ૨૯મી જુલાઈના રોજ શોભાયાત્રા જલયાત્રા, મંડપ પ્રવેશ સ્થાપિત દેવપૂજા તથા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. રાત્રે શ્રી ભીમજીભાઈ ટી.વી. કલાકારનો કાર્યક્રમ યોજાયેલ છે.

તા.૩૦મી જુલાઈના દિવસે પ્રાણપ્રતિષ્ઠા પ્રસાદવાસ્તુ, હોમકર્મ, મહાઆરતી વગેરે સમગ્ર દિવસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમ યોજાશે. રાત્રે સંજય ભારતી ગૌસ્વામીની સુંદરકાંડ પાઠ થશે.

# મુખ્યમંત્રીના અધ્યક્ષપદે આજે મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સંભવિત અછતની પરિસ્થિતિ અંગેની આજે મુખ્યમંત્રીના અધ્યક્ષપદે મળનારી એક મહત્વની બેઠકમાં સમીક્ષા કરીને કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવી શક્યાતો સેવાઈ રહી છે.

આ વર્ષે વરસાદ ખેંચાતા રાજ્યમાં કૃષિક્ષેત્રે ગંભીર પરિસ્થિતિ ઉભી થવા પામી છે. સાથોસાથ પીવાના પાણીની પણ મુશ્કેલી ઉભી થાય તેવી ભીતી વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા અને આગોતરૂ આયોજન કરવા નીતિ વિષયક નિર્ણયો લેવા નાણામંત્રીના અધ્યક્ષપદે મંત્રીઓની એક પેટા સમિતિની રચના કરવામાં આવી છે.

મંત્રીઓની આ પેટા સમિતિની અત્યાર સુધીમાં બે વાર બેઠકો મળી ચૂકી છે. જેમાં રાજ્યમાં વરસાદ ખેંચાતા કૃષિક્ષેત્રે અને પીવાના પાણી માટે ઉભી થયેલી સંભવિત સ્થિતિ અંગેની સમીક્ષા કરવામાં આવી હતી અને કૃષિક્ષેત્રે પાકને બચાવવા અને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે કેટલાક નિતીવિષયક નિર્ણયો આ સમિતિ દ્વારા લેવામાં આવ્યા છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાર દિવસના જાપાન પ્રવાસેથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે પાછા ફર્યા છે. આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે મંત્રીઓની પેટા સમિતિ અને સંબંધીત વિભાગોના અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક મળનારી છે.

## ટુંકમાં નવી ટેક્સટાઈલ નીતિની જાહેરાત કરાશે
# આરબીઆઈના નિયમ મુજબ લઘુ ઉદ્યોગોને વધુ લોન આપો

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ મંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે કે નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એસએમઈ) માટે રાજ્ય સરકાર નવી મેન્યુફેક્ચરિંગ નીતિ અને ટેક્સટાઈલ નીતિની જાહેરાત કરશે. તેના દ્વારા આ ક્ષેત્રને પ્રોત્સાહન અપાશે અને બીજી તરફ રોજગાર પણ વધશે. નાના અને મધ્યમકદના ઉદ્યોગો (એસએમઈ)ને સ્પર્ધાત્મક બનાવવા અને તેના માટે નાણાકીય સહાય પૂરી પાડવા અંગે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી)ની ગુજરાત સ્ટેટ કાઉન્સિલ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ) દ્વારા કોન્ફરન્સનું શુક્રવારે આયોજન કરાયું હતું.

આ કોન્ફરન્સના ઉદઘાટન સત્રને સંબોધન કરતા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું કે એસએમઈ ક્ષેત્ર રાજ્ય અને દેશના આર્થિક વિકાસનો આધારસ્તંભ છે. આ ક્ષેત્રને આરબીઆઈના નિયમ મુજબ કેશ-ડિપોઝીટ રેશિયોના ૧૦૦ ટકા લોન મળવી જોઈએ જે હાલમાં મળતી નથી. તેનો અમલ થાય તે માટે આરબીઆઈએ પ્રયાસ કરવા જોઈએ. દેશમાં ૪૦ ટકા ઉત્પાદન એસએમઈ ક્ષેત્રમાંથી આવે છે એ ૪૫ ટકા રોજગાર આ ક્ષેત્ર પૂરો પાડે છે ત્યારે તેના વિકાસ માટે પૂરતી નાણાંકીય સહાય મળવી જોઈએ. તેમણે કહ્યું કે એસએમઈ ક્ષેત્રને ધ્યાનમાં લઈને ગુજરાત સરકાર આગામી સમયમાં મેન્યુફેક્ચરીંગ નીતિ અને ટેક્સટાઈલ નીતિ લાવશે.

## દલિત સેનાની બેઠક ૨૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા દલિતસેનાના મહામંત્રી દિનકરભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આવતીકાલે તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ને સવારે ૧૦ કલાકે ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતે દલિત સેનાની અગત્યની બેઠક યોજાશે.

દલિત સેનાની બેઠકમાં મોંઘવારી, પેટ્રોલ, ડીઝલ, ગેસ અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ વધારા બાબતે ચર્ચા વિચારણા થશે. તથા ભાવિ કાર્યક્રમો ઘડાશે. જિલ્લા તાલુકાના પદાધિકારીઓ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

# સમાચાર ઝલક

- ઓલિમ્પિક્સ મહાકુંભનો શાનદાર પ્રારંભ, પૂર્વસંધ્યાએ મહાનાયક અમિતાભ બચ્ચન ૩૦૦ મીટર સુધી મશાન લઈને દોડ્યા.
- આસામમાં હિંસા અટકવાનું નામ લેતી નથી, વડાપ્રધાન મનમોહનસિંહ આજે મુલાકાત લેશે.
- આદિવાસીઓના તીર્થ ક્ષેત્ર માનગઢ હિલમાં ૬૩ મો વનમહોત્સવ ૩૦મી જુલાઈએ શાનદાર ઉજવાશે.
- અમદાવાદમાં જુગાર રમતી હાઇ પ્રોફાઇલ મહિલા સહિત પાંચ ઝડપાયા.
- સુવર્ણ મેડલ જીતનારને ૫ કરોડ આપવા હરિયાણાનાં મુખ્ય પ્રધાન શ્રી ભુપેન્દ્ર હુડાની જાહેરાત.
- અધિકારીઓ સંસદ સભ્ય અને કલેકટરને ગાંઠતા નથી, રાજકોટમાં ફરિયાદ.
- જાપાનની ૧૦૦ ઓટો કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા તૈયાર.
- ચૂંટણીપંચની સુચના ૬૦૦ પોલીસ સબ ઇન્સપેકટરોની બદલી કરો.
- વરસાદ ખેંચાતા વીજક્ષેત્રે વપરાશ ૬૦ ટકા વધ્યો. ૧૦ દિવસમાં વરસાદ ન આવે તો મુશ્કેલી.
- બિહાર ભૂતપૂર્વ મુખ્યમંત્રી મિશ્રાનો હત્યાકેસ ૧૯૭૫ થી ચાલે છે. ૩૭ વર્ષથી ફોજદારી કેસની ટ્રાયસ ચાલે છે. ૩૯માંથી ૩૧ સાક્ષી મૃત્યુ પામ્યા. ૨૨ જજ બદલાયા. ૨૦ વર્ષે અગાઉ સુપ્રીમે કેસ રોજ રોજ ચલાવીયા સૂચના આપી હતી.
- નવા ફૂડ એક્ટનો અમલ ૬ માસ માટે મોકુફ રખાયો.
- નીરમા યુનિવર્સિટીના સત્તાધીશો ફી મુદ્દે બાંધછોડ નહિ કરે.
- વડોદરામાં કન્યા છાત્રાલયમાં છોકરીઓની તોડફોડ, ૩ કન્યાઓની ધરપકડ. આજે યુનિવર્સિટી બંધનું એલાન.

## પેથાપુર રથયાત્રા સમિતિ સ્વ. નર્મદાબેનને શ્રદ્ધાંજલિ અર્પે છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સેકટર-૫-સીમાં રહેતા અને સચિવાલયમાં ફરજ બજાવતાં રમુજી નાટક કલાકાર હસમુખભાઈ મેકવાન ઘણા વર્ષોથી પેથાપુર રથયાત્રા સમિતિમાં વેશભૂષામાં માનદ્ નિર્ણાયક તરીકે સેવા આપે છે. તેમના માતૃશ્રી નર્મદાબેનનું અવસાન થતાં પેથાપુર રથયાત્રા સમિતિના રસિકભાઈ પટ્ટણી, નટુભાઈ કે. દરજી, અસરસિંહ વાઘેલા, દિનુભાઈ દરજી, દિનુભાઈ ચૌહાણ, કિરણભાઈ મહેતા, ધીરૂભાઈ ચૌહાણ, શૈલેષભાઈ પટ્ટણી, મહેન્દ્રભાઈ દરજી, અમરતલાલ સોની તેમજ પેથાપુર રથયાત્રા સમિતિના સભ્યોએ સ્વ. નર્મદાબેન મેકવાનને શ્રદ્ધાંજલિ આપી હતી.

## વિજયની હેટ્રીક

● અનુસંધાન પહેલાનું ચાલુ

મત ગણતરી સંપન્ન થતાં જ શ્રી રાણા જેવા મતગણતરી હોલની બહાર આવ્યા ત્યારે તેમના સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડી તેમને વધાવી લઈ અંબે માત કી જય ના નારા બોલાવ્યા હતા. તેમજ જીત ગયા ભાઈ જીત ગયાના સૂત્રો પોકારી ઘોડા પર બેસાડી દીધા હતા.

ગુલાલને કારણે આખુ મધુરનું કેમ્પસ ગુલાબી બની જવા પામ્યું હતું. સૌ કોઈની સાથે હસ્તધનૂન કરી શ્રી રાણાએ વિજય માટે આભારની લાગણી અભિવ્યકત કરી હતી.

## સભા તોફાની બની

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પરિસ્થિતિ પામી ગયેલા નગરપતિ શ્રી કનુસિંહ ડાભીએ અનિશ્ચિત સમય સુધી બેઠક મુલ્તવી રાખવાની જાહેરાત કરી સભા સમાપ્તીની ઘોષણા કરી હતી.

આખો દિવસ પેથાપુર નગરપાલિકાની આ બેઠક પાટનગર તેમજ પેથાપુર અને જિલ્લાભરમાં ચર્ચાનો મુદ્દો બની હતી. બન્ને પક્ષ તરફથી થયેલા બળપ્રયોગને લઈ લોકોમાં પણ તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે હવે ૧૦ દિવસ બાદ પુનઃ બેઠક બોલાવવામાં આવે તેવી શક્યતાઓ છે ત્યારે બન્ને પક્ષો કઈ રણનીતિ અપનાવે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

ભાજપે કોંગ્રેસ પર અને કોંગ્રેસે ભાજપ પર દાદાગીરીના વરવા દશ્યો સર્જવાના આક્ષેપો કર્યા છે.


## ગાંધી ચિંધ્યા માર્ગે...

● ત્રીજા પાનાનું ચાલુ

કચેરીના વડાની જગ્યા છે તેવી મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર કચેરીઓમાં આ જગ્યાઓ ખાલી છે.) સહાયક માહિતી નિયામક, કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, સિનીયર સબ એડીટર વગેરેની ખાલી જગ્યાઓ ભરવા, ટેકનીકલ કેડરમાં મીકેનીક કેડરને સુપરવાઈઝરમાં મર્જ કરવા, ઓપરેટર, ભાષાંતરકાર કેડરના આર.આર. સુધારવા, ઓપરેટર સંવર્ગની જગ્યાને અપગ્રેડ કરી કેમેરામેન તરીકે બઢતી આપવી, ઘણા લાંબા સમયથી ટેકનીકલ સંવર્ગના કર્મચારીઓ બઢતીથી વંચિત છે તેઓને બઢતી આપવી, સહાયક અધિક્ષક અને સહાયક હિસાબનીશ સંવર્ગમાં થઈ રહેલા પગારભથ્થાનો અન્યાય દૂર કરવા ઉપરાંત માહિતી ખાતાની પ્રાદેશિક કચેરીઓમાં વહીવટ, સંપાદન અને ટેકનીકલ સંવર્ગનું મહેકમ એક સરખું કરવું વગેરે જેવી વર્ષો જૂની અનેકવિધ માંગણીના સમાધાનકારી ઉકેલની માંગ સાથે માહિતી ખાતાના અધિકારી-કર્મચારીઓને નાછૂટકે આંદોલનના માર્ગે જવાની ફરજ પડી છે.

ત્યારબાદ તા. ૧૭મી ઓગષ્ટથી ૨૦મી ઓગષ્ટ દરમિયાન મંડળના હોદ્દેદારો સહિત અધિકારી-કર્મચારીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે અને છેલ્લે તા. ૨૧-૮-૨૦૧૨ ના દિવસથી ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળના પ્રમુખ શ્રી દિનેશ ચૌહાણ દ્વારા આમરણાંત ઉપવાસ કરાશે અને તેમના ટેકામાં ખાતાના કર્મયોગીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે, તેમ અધિકારી મંડળના પ્રમુખ શ્રી મયુરભાઈ શાહ અને શ્રી દિનેશ ચૌહાણની સંયુક્ત યાદીમાં જણાવાયું છે.

## શબ્દાવલી - ૪૮૦૧





**આડી ચાવી**

૧. દુરંદેશી (૪)
૨. લાકડા કાપવાનું સાધન (૩)
૪. સાચુ બોલ નહિ તો... પડશે (૨)
૫. દિલ દગડાઈ કરવી (૩)
૭. યશ, ... ને માથે જૂતા (૨)
૯. નેતાઓની એક છાપ છે કે... મળે એટલે ભાષણ શરૂ (૩)
૧૧. પાર્વતીનું એક નામ (૨)
૧૨. એક ફૂલનું નામ (૫)
૧૪. પુરાણુ, જૂનું (૪)
૧૫. જુસ્સો (૩)
૧૭. પવન, અનિલ (૨)
૧૮. માંદગી (૪)

**ઊભી ચાવી**

૧. દરિયામાં ખડક-રસ્તો કે દિશા દર્શાવવા રખાતો દીવો (૪)
૨. કુમળાશ, કુણું હોવું તે (૩)
૩. સ્વાગત કરવા ગળામાં પહેરાવાતો ફૂલોનો... (૨)
૬. બિલ્ડીંગ (૪)
૭. 'કનીજ' શબ્દ આડોઅવળો (૩)
૮. પરવા, ફિકર (૨)
૧૦. આમંત્રણ (૩)
૧૧. જીદ પુરી કરવા ધાંધિયા કે... કરવા (૩)
૧૩. ગંદકી (૪)
૧૪. અતિશય, વધુ (૩)
૧૬. ગડ-ગુમડ પર... લગાવાય (૩)
૧૭. પવન, વા (૨)

**શબ્દાવલી ૪૮૦૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) નાકામીયાબ (૫) પાલો (૭) દાળ (૮) ત્રિલોક (૧૧) યામીની (૧૩) કમર (૧૫) જસન (૧૭) ઉપરાણું (૧૮) રળી (૧૯) પરા (૨૦) અણ[redacted]ર (૨૪) રવેશ

**ઊભ**[redacted]) કાળ (૩) યાત્રી (૪) બલોયા (૬) લોથ (૯) કમી[redacted]રણી (૧૩) કપરા (૧૪) રણુજા (૧૬) નળીયુ (૧[redacted]૧) તાકા